**Commissionerate of Technical Education, Gujarat State**

**કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય**

| | |
|---|---|
| બીજે માળે, બ્લોક નં. ૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર–૩૮૨ ૦૧૦. | 2nd Floor, Block No. 2, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar – 382 010. |
| ☎ : (079) 232 53546<br>URL : http://dte.gswan.gov.in | FAX : (079) 232 53539<br>GRAM : EDUTECH(N) |
| E-MAIL : dteguj@yahoo.co.in, dire-dte@gujarat.gov.in | |


ક્રમાંક: સીટીઈ/એડ.વ્યા/૨૦૧૫/ઘ-૧/ ૧૮૬૭ તા. 19 MAR 2015

**વંચાણે લીધા:-**

(૧) શિ. વિ. ના તા. ૧૫/૦૧/૧૫ ના પત્ર નં ટીઈએમ/૧૨-૨૦૦૮/૭૪૯/ઘ

(૨) અત્રેની કચેરીના તા. ૧૦/૦૨/૧૫ ના પત્ર ક્ર. જીઈસી/એડવ્યા/ઘ-૧/૨૦૧૫/૩૭૫૭

(૩) અત્રેની કચેરીના તા. ૧૦/૦૨/૧૫ ના પરિપત્ર ક્ર. સીટીઈ/એડ.વ્યા/ઘ-૧/૨૦૧૫/૩૭૫૬

(૪) શિ. વિ. ના તા. ૨૬/૦૨/૧૫ ના પત્ર નં ટીઈએમ/૧૨-૨૦૦૮/૭૪૯/ઘ

**પરિપત્ર:-**

આમુખમાં વંચાણે લીધેલ પત્ર (૧) થી શિક્ષણ વિભાગ દ્વારા એડહોક અધ્યાપકોને નાણા વિભાગ સાથે થયેલ પરામર્શ અનુસાર GCS(ROP) ૨૦૦૯ ના નિયમ-૮ હેઠળની અનુસુચિ-ખ મુજબ તા. ૦૧/૦૧/૦૬ પછી સીધી ભરતીથી નિમાયેલ કર્મચારીઓને મળવાપાત્ર "એન્ટ્રી લેવલ પે" નો લાભ મળવાપાત્ર નથી. તેમ જણાવેલ છે અને નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગરના તા. ૨૯/૧૧/૧૩ અને તા. ૨૬/૧૨/૧૩ ના પત્રોથી આપેલ સુચના મુજબ કાર્યવાહી કરવા જણાવેલ છે. જે બાબતની જાણ સંદર્ભ (૩) થી તમામ સંસ્થાઓને જાણ કરવામાં આવેલ છે. તેમજ સંદર્ભ (૧) માં શિક્ષણ વિભાગ દ્વારા જણાવેલ કે, જુલાઈ ૨૦૦૮ પહેલા અને પછી નિમણૂંક પામેલ અધ્યાપકોને છઠ્ઠા પગારપંચ બાબતની વિસંગતતાઓ માટે ચોક્કસ વિગતોના આધારે નિયામકશ્રીના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહિત જરૂર જણાયે દરખાસ્ત કરવા જણાવેલ. જે અન્વયે સંદર્ભ (૨) થી અત્રેની કચેરી દ્વારા શિ. વિ. ને જણાવેલ કે, ૨૦૦૮ પહેલાં (૦૧/૦૧/૦૬ પહેલાંના) નિમણૂંક પામેલ એડહોક વ્યાખ્યાતાઓને છઠ્ઠા પગારપંચનો લાભ મળે છે. જ્યારે ૨૦૦૮ અને ત્યારબાદ નિમણૂંક પામેલ એડહોક વ્યાખ્યાતાઓને છઠ્ઠા પગારપંચનો લાભ મળતો નથી. જે મુખ્ય વિસંગતતા છે. જે ધ્યાને લઈને સદર બાબત નિર્ણાયક હોઈ, શિક્ષણ વિભાગ દ્વારા યોગ્ય નિર્ણય થવા સરકારશ્રીને દરખાસ્ત કરેલ. શિ. વિ. દ્વારા સંદર્ભ (૪) થી જણાવેલ છે કે, એડહોક વ્યાખ્યાતાને છઠ્ઠા પગારપંચનો લાભ આપવાનો થતો નથી તે મુજબ જ કાર્યવાહી કરવાની કોઈ હવે કોઈ વિસંગતતા જણાતી નથી. જે મુજબ સંસ્થા કક્ષાએથી શિક્ષણ વિભાગની સુચના મુજબ કાર્યવાહી કરવા તમામ સંસ્થાના વડાઓને જણાવવામાં આવે છે.

(એમ. એ. ચૌહાણ)
સંયુક્ત ટેકનીકલ શિક્ષણ નિયામક(મહેકમ)

**નકલ સાદર રવાના:-**

૧. ઉપ સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ.

(P.T.O)

નકલ રવાના:

૧. આ કચેરીના તાબા હેઠળની સર્વે સરકારી ઈજનેરી કૉલેજો, સર્વે સરકારી પોલીટેકનીકો તથા સર્વે સરકારી ફાર્મસી ડીગ્રી/ડીપ્લોમા કૉલેજોના વડાઓ તરફ જાણ તેમજ કાર્યવાહી કરવા સારૂ.

૨. મહેકમ શાખા ઘ-૨, ઘ-૩, ઘ-૩-એ, ઘ-૪ અને ઘ-૧૧ તરફ જાણ સારૂ.

૩. હીસાબી શાખા, વડી કચેરી, ગાંધીનગર તરફ જાણ સારુ

૪. કચેરી આદેશ ફાઈલ સારુ (શાખા ઘ-૧)